
12 ઊમૂર ન્યૂઝલેટર

# સિલ્કે હયાત

## ઊમૂર ઈકતેસાદીયાહ

અંક 12 | શેહરે શાબાનુલ કરીમ 1442 | ગુજરાતી



જૂનાં જમાનામાં બજારોનું ભરાવું અને આજે આંતર-રાષ્ટ્રીય સ્તર પર બિઝનેસ એક્સપો થવું એમ બતાવે છે કે વેપાર – માનવ સંસ્કૃતિનો કેટલો મહ્ત્ત્વનો હિસ્સો છે. રસુલુલ્લાહ (સ.અ.વ.) ફરમાવે છે કે "سوق المسلمين كمساجدهم" મુસલમાનોની બજાર તેમની મસ્જિદના જેમ છે, આપ (સ.અ.વ.)ની આ હદીસ શરીફ- આલમે ઇસ્લામનો વેપાર સાથેનો જે ગાઢ સંબંધ છે તે સ્પષ્ટ કરે છે.

જૂનાં જમાનાનું અરબના બજારનું દ્રષ્ટાંત
ચિત્ર: મુલ્લા મૂર્તઝા ભાઈ કલકત્તાવાલા

# મુમીનના અર્થવ્યવસ્થાની ખૂબી

લખનાર: મુલ્લા અબ્દુલકાદિર શેખ કુરૈશ ભાઈ આરીફ

ખુદ તઆલા એ પોતાના દિનને વેપારનું નામ આપ્યું છે, ખુદ તઆલા ફરમાવે છે:

يا أيها الذين امنوا هل ادلكم على تجارة تنجيكم من عذاب اليم * تؤمنون بالله ورسوله

એ ઈમાનના લાવનાર લોકો! શું હું તમને એવા વેપાર તરફ મહત્વ બતાવું કે જે તમને મોટી યાતનાથી બચાવે?

આ આયત શરીફામાં મુમેનિનની જમાઅતને સંબોધન કરવામાં આવ્યું છે - તો એમ સાબિત થાય છે કે આ વેપાર ઈમાનના લોકો માટે ખાસ છે અને એ બધા માટે જ આ તીજારત રાબેહા છે- નફાદાયક છે, અને એજ રીતે આ આયત ઈમાનના લોકોના દુન્યવી વેપારની ખરી પદ્ધતિને દર્શાવે છે, કે મુમીન દુનિયામાં જે પણ લેવડ દેવડ કરશે,જે પણ વેપાર કરશે- તે તેમના માટે આખેરતનો વેપાર જ છે, એ માટે મુમીન પોતાની દરેક લેવડ દેવડમાં ખુદા તઆલાની ખુશી જોશે અને જે પદ્ધતિમાં ખુદા તઆલા અને વલિયુલ્લાહ ખુશ નહીં હોય તેના થી હંમેશા દૂર રહેશે. મૌલનલ મિનઆમ (ત.ઉ.શ.) એ વારંવાર સ્પષ્ટ ફરમાવ્યું છે કે આપ મૌલાની ખુશી શું વસ્તુમાં છે. તે શું? કે મુમીન બીઝનેસ માઇન્ડેડ (વેપારી માનસિકતા) હોય.

અશરા મુબારકા દરમિયાન આપ મૌલા (ત.ઉ.શ.) એ ફરમાવ્યું કે બિઝનેસ માઇન્ડેડ હોવાનો શું અર્થ છે, અને કંઈ રીતે જ્યારે મુમીન આખેરતના વેપારને દુનિયાના વેપાર પર અગ્રિમ કરી ડે છે, તો તે પોતે દુનિયાની ખિદમત નથી કરતાં, પરંતુ દુનિયાને પોતાની, પોતાના દિનની, પોતાના મૌલાની ખિદમત કરાવે છે, તો એ ખરેખરમાં બિઝનેસ માઇન્ડેડ બની જાય છે.

આપણાં હુદાત કિરામ (અ.સ.)એ દાઉદી બોહરા કોમને આલમમાં આ વેપાર માટે પ્રખ્યાત કર્યા છે, અને જે પણ મુમેનિન સાથે વેપાર કરે છે- તેને યકીન થઈ જાય છે કે આ બધા તો ખુદાવાળા લોકો છે, આ સગલા કોઈ વાર લેવડ દેવડમાં ફરક નથી કરતાં.

આ આયત શરીફાની રોશનીમાં નજર કરીએ તો ખ્યાલ આવે છે કે દરેક મુમીનની આર્થિક બાબતની જિમ્મેદારી ખુદા તઆલાએ લીધી છે, અને તેથી આ મુમીનનો દીની અને દુન્યવી વેપાર હંમેશા રાબેહા રહેશે- નફાદાયક રહેશે. અને એમ જ થાય- તે માટે મુમીન શું કરે છે?



સૈફી બુરહાની એક્સ્પો 2021
તાહેરાબાદ

કે પોતાની જિંદગીની આર્થિક પરિસ્થિતિઓમાં મૌલાથી રઝા લે છે અને આપનાં ફરમાન પ્રમાણે અમલ કરે છે.

આ રીતથી મુમીનની શૈલી પ્રક્રિયા રહે છે તો તેના માલ અને જાન હંમેશા સલામત રહે છે અને તેમના પર કોઈ વખત આફત નથી આવતી. ખુદા તઆલા મુમીનને આટલી નેઅમત આપે છે તો તે ખુદા તઆલાનો હક - હુકુકલ્લાહિલ વાજેબાત ઘણી વધારે અરઝ છે, તે જ રીતે વલિયુલ્લાહની ખિદમત પોતાના જાન અને માલને હાજર રાખે છે. આ ઉમુર ઈકતેસાદિયાહની ટોચ છે- કે આપણો માલ વલિયુલ્લાહની ખિદમતમાં અરઝ થઈ શકે, અને તેના લીધે મુમીનનો માલ પાક થઈ જાય છે. જીંદગી પાક થઈ જાય છે અને મૌત પણ પાક થઈ જાય છે તો કોઈ આફત એની તરફ નજર નથી કરી શકતી.

દરેક મુમીન જે આ રીતે પોતાના માલથી ખિદમત કરે છે, તીજારત રાબેહાના ઈદારામાં, કરઝન હસના અને બીજા ઘણા ઉમુરમાં ખિદમતને અંજામ આપે છે. તેઓ હકીકતમાં ખુદા તઆલાની મદદ કરે છે અને ખુદા તઆલા અને એનાં મૌલાની જેમ થવાની કોશિશ કરે છે. આ રીતથી ખુદા અને ખુદાના અવલીયુલ્લાહથી જિંદગીના દરેક તબક્કામાં નકલ કરવાની કોશિશ કરવું એ જ હકની દાઅવતની ફિલસૂફી છે, અને ફરિશ્તા બનવાનું અને ફરિશ્તાનાં આલમ સુધી પહોચવાનો રસ્તો છે.ઈમામ હુસૈન (અ.સ.)એ કરબલામાં જાન, એહલો ઔલાદ ખર્ચીને દરેક મુમીનને આખેરતના વેપાર કરવાનો અને બિઝનેસ માઇન્ડેડ થવાનો મોટો પાઠ આપી દીધો, અને સાબિત કરી દીધું કે ખુદા તઆલાની રાહમાં અને વલીયુલ્લાહની ખિદમતમાં પોતાના જાન, માલ, એહલો ઔલાદને ખર્ચવાના કારણે આપણાં જાનોની કિંમત ખૂબ જ વધી જાય છે. અને તે જાનમાં, માલમાં, એહલો ઔલાદમાં તે દરેકની ઘણી બરકત નજર આવે છે. સૈયદના આલિકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.) તે માટે જ ફરમાવે છે કે:

આ ઝીક્ર સી જાનોની રોઝી કમાઓ *
તમારા નુકૂસની કિંમત બઢાવો
ને કોમે બવાહિરની ઈઝ્ઝત વધાઓ *
મવાલીના ફરમાન માથે ચઢાઓ
ચાલો કરબલાની મજાલીસ સજાઓ *
ચલો એ પ્યારા અઝીઝો ચલો

ખુદા તઆલા આપણાં મૌલા - જે મૌલાની આંગળીઓ દુનિયા અને આખેરતની રોઝીની ચાવીઓ છે, જે મૌલા હંમેશા આપણાં જિસમની, જાનની, માલની કિંમત વધારતા રહે છે - આપ ને હંમેશા હંમેશા બાકી રાખજો.

**મૌલનલ મિનઆમ (ત.ઉ.શ.) એ વારંવાર સ્પષ્ટ ફરમાવ્યું છે કે આપ મૌલાની ખુશી શું વસ્તુમાં છે. તે શું? કે મુમીન બીઝનેસ માઇન્ડેડ હોય.**

# આલમે ઈમાન થી ઉમુર ઈકતેસાદીયાહ ની જલક

## નિમચ

### નાના પાયા પર ઉદ્યોગ સ્થાપવું

નિમચ ના આસપાસમાં લગભગ 30000 ગામો છે, આ ગામોની સ્થાનિક માંગ જોઈને નિમુચ જમાઅત એમ કોશિશ કરે છે જે વસ્તુની વેપારમાં જરૂરિયાત હોય તેનો નાના પાયાનો ઉદ્યોગ નિમુચમાં શરૂ થાય, જેથી પરિવહનનો ખર્ચ ઓછો થાય અને મુમેનિનના વેપાર સ્થાપવામાં એમને મદદ મળે. દર વર્ષે આ રીતે 2-3 નાના પાયાના ઉદ્યોગો શરૂ થાય છે.

## ઈન્દોર

### ત્રીસ ગામોની કરઝન હસનાહનું વ્યવસ્થાપન કરવું

સૈફી કરઝન હસનાહની હેડ ઓફિસ ઈન્દોરમાં છે, જેના નીચે 30 ગામો જોડાયેલ છે. ઑફિસમાં 28 ટ્રસ્ટીઓ છે. ઈન્દોર જમીઅતમાં લગભગ 8000 સબીલ છે કે જે દરેક આ ટ્રસ્ટ થી ફાયદો મેળવે છે, મુમેનીન સોફ્ટવેરના ઉપયોગ થી કરઝન મેળવી શકે છે.અને પાછી અદા કરી શકે છે. સોફ્ટવેરના ઉપયોગથી પ્રક્રિયા ઘણી સહેલી થઈ જાય છે, અમુક ખિદમતગુઝારો મુમેનિનને સોફ્ટવેરના ઉપયોગમાં મદદ કરે છે.

## Small Scale Industry સ્થાપિત કરવુ

તાહેર બિન કંબર ભાઈસાહેબ જમાલી, મસ્ઉલુલ મોઝેઅ, ધંધુકા



ધંધૂકામાં 2019 માં મુમેનીનના વેપાર માટે જુંબેશ શરૂ થઈ, તેમાં સૌપ્રથમ મુમેનીનના વેપારનો સર્વે કર્યો અને વેપારને 3 પ્રકારમાં વિભાજિત કર્યા.

**પ્રકાર 1:** વેપાર ખૂબ સારી રીતે ચાલી રહ્યો છે અને દર વર્ષે પ્રગતિ કરે છે.

**પ્રકાર 2:** જે વેપારમાં પ્રગતિ નથી થતી અને તે મુમીન ભાઈ કર્જ માં છે.

**પ્રકાર 3:** એવો વેપાર જેમાં પ્રગતિની કોઈ શક્યતા નથી અને ધીમે ધીમે બંધ થઈ જશે.

મમલુકે સૈયદના (ત.ઉ.શ.)એ 2-3 વ્યાવસાયિક સાથે મુલાકાત કરી અને ચર્ચા કરી, અને એમ પરિણામ આવ્યું કે પ્રકાર 1 જો પ્રકાર 3 ના વેપારીઓની મદદ કરશે તો જ તે લોકો આગળ વધી શકશે, તે પછી કાર્ય યોજના તૈયાર કરી, અને તેના પ્રમાણે આ બંને પ્રકારના મુમેનિનને ભાગીદારી ખત બનાવીને એકબીજા સાથે જોડી દીધા.

આજે મૌલનલ મીનઆમ (ત.ઉ.શ.)ની દુઆઅ મુબારકથી 17 નવા વેપાર શરૂ થઈ ગયા છે, અને 5 મુમેનિનના પોતાના મકાન થઈ ગયા છે,

ઉમુર ઈકતેસાદિયાહની કમિટીની હંમેશા એમ કોશિશ રેહશે કે આ રીતે ખિદમત કરતાં રહીએ અને વધુમાં વધુ મુમેનિનને મદદ કરીને તેના વેપારને આગળ વધારીએ.

# આલમે ઈમાન થી ઉમુર ઈકતેસાદીયાહ ની જલક

## Service સી Business નો સફર



શેખ ઝોએબભાઈ હૈદરી – બિઝનેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ

ઘણા મુમેનિન મને એમ સવાલ કરે છે કે હું જોબ મૂકીને વેપાર ક્યારે શરૂ કરી શકું? તો હું એમ જવાબ આપું છે કે જ્યારે તમે ઘરે જાવ અને તમને એમ એહસાસ થાય કે હું હજી પણ અહિયાં શું કામ છું? તે વખતે વેપાર શરૂ કરી દો! જે દરેકને આ રીતે વેપાર શરૂ કરવો હોય તેમના માટે અમુક ઉપયોગી ટિપ્સ નીચે મુજબ છે:

### 1.પોતાના ડર ને છોડીને ખુદ ઉપર ભરોસો રાખવું.

ઘણીવાર એમ જોવાય છે કે ડરના કારણે માણસને આ સવાલ પેદા થાય છે, કે શું હું જે વેપાર કરવાનું વિચારૂં છું તે સફળ થશે? ફિકર કરવા કરતાં વેપાર માટે આયોજન કરો અને દરેક ખરાબ પરિણામને બરાબર સમજીને પારખીને શરૂ કરો, અને એમ યકીન રાખો કે અસફળ થાય તો પણ કંઈ નહીં, કેમ કે રિઝ્કના આપનાર તો અલ્લાહ તઆલા છે અને તે ખાલી હાથ નહીં વાળે.

### 2. જે રીતે જોબ માં નિત્યક્રમની આદત થઇ ગઈ છે તેને મૂકીને એવાં હુન્નર શીખવું જે વેપારમાં કામ લાગશે.

જોબમાં તમે ફક્ત તમારા કામ માટે જવાબદાર હતા અને વેપારમાં દરેક કામના જવાબદાર છો, પુસ્તકો અથવા ઓનલાઈન બ્લૉગ્સ કે પછી ઓનલાઈન કોર્સિસના ઉપયોગ થી એક માર્ગદર્શકને લ્યો જે તમને આ બધા હુન્નર શીખવામાં મદદ કરે, ઉમુર ઈકતેસાદિયાહ અને તિજારત રાબેહાહ દાએમા આ તમામ ચીજોમાં ટ્રેનિંગ માટે મદદ કરે છે, દઆએમૂલ ઇસ્લામ માંથી બાબુલ બોયુઅ નાં સબક પઢો, ઘણું જરૂરી છે કેમ કે તેના થી બિઝનેસ માઈન્ડસેટ બરાબર થાય છે.

### 3. એક નેટવર્ક બનાવો જે તમારા વેપારને સમજવામાં મદદ કરે.

આ નેટવર્કમાં મેન્યુફેક્ચરર્સ, સપ્લાયર્સ અને જે વેપાર શરૂ કરવા ઈચ્છો છો તેના વેપારીઓ સામેલ હોય, કેમ કે તમે એકલા વેપાર નથી કરી શકતા, તેથી આ બધાથી મળીને સલાહ લઈ ને સપ્લાયર્સ અને ગ્રાહક બનાવો, તમને તે વેપારમાં નિષ્ણાતોને ગોતવાં પડશે જેનાથી બરાબર શીખી શકાય.

### 4. શરૂઆત થી વેપાર માટે બરાબર આર્થિક રીતે આયોજન કરો.

વેપારમાં ઓવરહેડ કોસ્ટ, રેવેન્યુ, સ્ટાર્ટઅપ માટે કેટલી રકમ જોઈશે – તે, અને તે સાથ ઘર ખર્ચ માટે હોમ બજેટ બનાવો, અને વેપારનો પણ બજેટ બનાવો જેથી આર્થિક રીતે મજબૂત રહીને વેપાર થાય.

### 5. તમારા ઘરના લોકો અને દોસ્તોને તમારા નિર્ણય પર સાથે લો.

જેથી તે બધા તમારો સાથ આપે અને આગળ વધવા માટે તમને જોશ અપાવે. ઘરના લોકોનો સપોર્ટ વેપારના શરૂઆતમાં ઘણો જરૂરી છે કેમ કે ઘણી વખત નવો વેપાર શરૂ કરવામાં હમ-ગમ અને ફિકર થઈ શકે છે. ઇનશાઅલ્લાહ મૌલનલ મિનઆમ (ત.ઉ.શ.)ની દુઆઅ મુબારક થી એમ ઉમ્મીદ કરીએ છે કે દરેકના બિઝનેસ સ્ટાર્ટઅપ સફળ થાય!!



# HAPPY THREADS™
an upliftment initiative



બુરહાનપુરમાં મૌલાનલ મિનઆમ (ત.ઉ.શ.)ની બેઠકમાં એક બેન એ પાપડ અરઝ કર્યા, મૌલાનલ મિનઆમ (ત.ઉ.શ.)એ સવાલ કર્યો કે કેટલું કમાઓ છો? અરઝ કરી કે મૌલા 100 રૂપિયા, મૌલા (ત.ઉ.શ.)ના ખયાલ મુબારકમાં એમ હતું કે 100 રૂપિયામાં શું થઈ શકે? ઘણા ઓછા કહેવાય, મૌલાએ શેહઝાદી ઊમ્મેહાનિ બાઈસાહેબા(દ.મ.) ને ફરમાવ્યું કે એહવું કંઈ કરો કે દિવસમાં 300 રૂપિયા તો કમાય.

કસરેઆલીના બેનસાહેબો અને તાલેબાત – બુરહાનપુર અને નજીકની જમીઅતમાં જઈને તપાસ કરી કે આવાં કેટલા મુમેનિન છે -અને તે શું કરી શકે છે? અને તેના ગામોમાં એવું કંઈ કરાવે જેનાથી તે બધા કમાવી શકે- જેમ કે અચાર બનાવવું અથવા ટોપી ગુંથવું,

બુસાહેબા (દ.મ.)એ એક પહેલ શરૂ કરાવી કે જે બધા ગૂંથવાનું કામ કરતાં હોય તેમને એક પ્લેટફોર્મ મળે. આ સંદર્ભમાં એક કંપની બની જેનું નામ  હેપ્પી થ્રેડસ છે. જે મૂમેનાત ક્રોશે (અંકોડીનું ગૂંથણ)નું કામ કરે છે તેમને જુસ્સો મળે અને ઓળખ કરી શકાય- તેના માટે બુસાહેબા



(દ.મ.)એ ઘણો મોટો ઓર્ડર આપ્યો- કે દરેક મુમીનના ઘરમાં એક બૂકમાર્ક પહોંચાડવામાં આવે. તે પછી ગામે-ગામ તપાસ થઇ કે કોણ આ રીતે બનાવી શકે છે અને ઘણા લોકોના હુન્નર સામે આવ્યા, તે દરેકને હેપ્પી થ્રેડસના બેનર માં લાવવામાં આવ્યા, તે બધાના પ્રદર્શનો કરવામાં આવ્યા, નમુનાઓ મંગાવવામાં આવ્યા. હેપ્પી થ્રેડસના હેઠળ ઘણી વાર ટ્રેનિંગ પણ થઈ છે, અને અલગ અલગ ગામોમાં મૂમેનાતની ઓળખાણ કરવામાં આવી છે કે આ લોકો આ વસ્તુ બનાવી શકે છે. એમ પણ વિભાજન કરી નાખવામાં આવ્યું છે કે આ વસ્તુ જે-તે બેન જલ્દી બનાવી શકે છે, જેથી જ્યારે પણ ઓર્ડર આપીએ તો ઘણું જલ્દી આવી જાય અને ફિનિશિંગ પણ શ્રેષ્ઠ હોય. પ્રોડકટસ એવા હોય કે મુમેનિન સિવાય ઈબાદુલ્લાહ પણ ખરીદી શકે.

પારસોલામાં આકા મૌલા (ત.ઉ.શ.)એ ફરમાવ્યું કે મૂમેનાત બેઠા ના રહે, કાંઈ પણ વ્યવસાય હોવો જોઈએ, કંઈ કરે અને કમાઈ અને કરબલા જાય અને જઈ ચૂક્યાં હોય ઘણી વાર તો બીજા કોઈને આપે રકમ, બીજા ને મોકલે. આજે ઘણા મૂમેનાતના ઘરો હેપ્પી થ્રેડસ થી ચાલી રહ્યા છે, તે બધા મૂમેનાતે આ રકમ ભેગી કરી અને તે બધાને મૌલાની ઝિયાફત નસીબ થઇ!

જે બધા આ હેપ્પી થ્રેડસ માં સામેલ થયા- તેમાંથી ઘણા લોકોના ઘરો વસી ગયા, ઝ્યારતો થઈ ગઈ, શાદીઓ પણ થઈ ગઈ અને પોતાના ઘરના રહેવાસમાં સૂકુન થયું.



આપણાં સામે હૅપ્પી થ્રેડસના પ્રોડક્ટ્સ જોવાઈ રહ્યા છે, જે બેશક દાઉદી બોહરા જમાઅતના મૂમેનાતના હુન્નરનો નમૂનો છે, https://happythreads4u.com પર બીજા પ્રોડક્ટ્સ જોઈ શકાઈ છે.



એક્સપોનું આયોજન કરવું.

## હૈદરાબાદ



હૈદરાબાદ Mariott convention centre માં બિઝનેસ એક્સપો આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં 4 ગામો બેંગલોર, વિશાખાપટનમ, કોઇમ્બતુર અને મદ્રાસ થી લોકો સામેલ થયાં.

આ એક્સપોથી કુલ 45 સ્ટોલ અને 1000 મુલાકાતીઓએ ફાયદો લીધો, એકબીજા સાથે વિઝિટિંગ કાર્ડ પણ આપલે કર્યા, આ એક્સપો ઘણો સફળ રહ્યો અને અમૂલ લોકોના પૂરા સ્ટોલ તે સમયે જ વેચાય ગયા.

કેટલાક લોકોએ પહેલી જ વાર આ પ્રકારનો એક્સપો જોયો અને એમ કીધું કે બીજી વાર આ રીતનું કંઈ થાય તો અમે જરૂર સામેલ થશું.

## ACTIVITY OF THE MONTH










Get a detailed insight of the world of Dawoodi Bohra Economics by diving into these publications prepared by Idara HQHB.

## મુમેનીન ના તઅસ્સુરાત

મમલુકે સૈયદના (ત.ઉ.શ.) ઘણા વર્ષથી નાગપુરમાં વેપાર કરી રહ્યો છું, અમારા 2 વેપર છે, હાર્ડવેર અને સિમેન્ટ. લગભગ 4 વર્ષ પહેલાં મૌલાનલ મિનઆમ (ત.ઉ.શ.) એક્સપોમાં પધાર્યા હતા, તેમાં અમારા વેપાર પર નઝર મુબારક ફરમાવી- હાથ મુબારક લગાવ્યો જેના કારણે વેપારમાં ઘણી બરકત થઈ છે. હમણાં કોવિડના સમયમાં બીજાના વેપારમાં નુકશાન થયું પણ અમને મૌલા ની દુઆઅ ની બરકત થી દરેક વસ્તુમાં બરકત જ નજર આવે છે. આ અમારા માટે મૌલાનલ મિનઆમ (ત.ઉ.શ.) નો મોટો મોઅજીઝો છે.

**સૈફુદ્દીનભાઈ ટોપીવાલા - નાગપુર**

મમલુકે સૈયદના (ત.ઉ.શ.) 9 વર્ષથી કરઝન હસનામાં ખિદમત કરું છું. 3 વર્ષથી તાહેરાબાદ જમીઅતમાં એક્ઝિક્યુટિવ ટ્રસ્ટી છું. મૌલાનલ મિનઆમ (ત.ઉ.શ.)એ કરઝન હસના કાયમ ફરમાવીને મુમેનિનને ક્યાંથી ક્યાં પહોંચાડી દીધા છે. સાગવાડામાં પેહલા 54 દુકાન હતી, આજે મુમેનિનની કુલ 208 દુકાન થઈ ગઈ છે. એજ રીતે આજે હુસૈની સ્કીમમાં લગભગ 575 ખાતાઓ ખૂલી ગયા છે. અજબ આ કરઝન હસનાની મોટી નેઅમત છે.

**શેખ ઝૈનુદ્દીનભાઈ મંડાઉ - સાગવાડા**

FINANCE & BUSINESS DEVELOPMENT

SILK-E-HAYAAT